ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમો બાબત

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : જીએમકે/૧૦૨૦૨૦/૮૧૩/ખ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:-

૧. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીનો તા.૨૭/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: તલમ/૧/સંકલન/તા.યોજના/૧૭૦/૨૦

<u>આમુખ:</u>

રાજયમાં પૂરક રોજગારીની તકોના સર્જન માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા દર વર્ષે આશરે ૧૨૦૦૦ યુવક/ યુવતિઓને નીચે મુજબ સ્વરોજગારલક્ષી તાલીમ આપવામાં આવી રહેલ છે.

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો (દિવસ) |
|---|---|---|
| ૧ | ઈકો ફ્રેન્ડલી બેગ | ૬૦ |
| ૨ | ટ્રેડિશનલ ફેન્સી લેધર આર્ટીકલ્સ અને લેધર ગુડસ મેકિંગ | ૬૦ |
| ૩ | રેકઝીન બેગ આર્ટીકલ્સ | ૬૦ |
| ૪ | સોફ્ટ ટોયઝ આર્ટીકલ્સ | ૩૦ |
| ૫ | વાંસકામ આર્ટીકલ્સ | ૬૦ |
| ૬ | કડિયાકામ અને પ્લમ્બીંગ | ૩૦ |
| ૭ | કુદરતી રેસા આર્ટીકલ્સ અને પગલૂછણિયા | ૪૫ |
| ૮ | નાળિયેરના રેષા આર્ટીકલ્સ | ૩૦ |
| ૯ | મડ વર્ક કૌશલ્ય તાલીમ | ૩૦ |
| ૧૦ | સી.સી.ટી.વી. કેમેરા ઈન્સ્ટોલેશન એન્ડ મેઈન્ટેનન્સ | ૩૦ |
| ૧૧ | મોબાઇલ ફોન રીપેરીંગ | ૪૫ |
| ૧૨ | માટીકામ કૌશલ્ય તાલીમ | ૩૦ |
| ૧૩ | સોલાર પી.વી. ઈન્સ્ટોલેશન , મોનીટરીંગ એન્ડ મેઈન્ટેનન્સ | ૩૦ |

આ તાલીમ કાર્યક્રમોના આયોજન બાબતે વંચાણે લીધેલ ક્રમાંક(૧) થી મળેલ દરખાસ્ત મુજબ કાર્યપધ્ધતિ અને ધારાધોરણ નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ તાલીમ કાર્યક્રમોના નિયત ધોરણો નીચે જણાવેલ વિગતો અને શરતોને અધીન આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | નિયત ધોરણ |
|---|---|---|
| ૧ | તાલીમાર્થીની સંખ્યા | મહત્તમ ૩૦ પ્રતિ તાલીમ વર્ગ |
| ૨ | તાલીમાર્થીની ઉંમર | ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથના તાલીમ મેળવવા ઇચ્છુક બેરોજગાર બહેનો - ભાઇઓ. |

& RTI Gandhinagar No.: Date:

| ક્રમ | વિગત | નિયત ધોરણ |
|---|---|---|
| ૩ | તાલીમ માટેનું સ્થળ | તાલીમના સ્થળની પસંદગીમાં તાલીમના સ્થળે જરૂરી સગવળડતા વાળું પંચાયત/સરકારી મકાન ઉપલબ્ધ હોય તો તેને પ્રથમ પસંદગી આપવા અથવા સરકારી મકાન ઉપલબ્ધ ન હોય તેવી જગ્યાએ તાલીમને અનુરૂપ સગવડતા વાળું ખાનગી મકાન ભાડેથી લઇ શકાશે. |
| ૪ | મકાન ભાડું | ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે વીજળીનો વપરાશ સાથે મકાન ભાડાની જોગવાઇ મહત્તમ મર્યાદા(માસિક)<br>રૂ. ૫૦૦૦/- મહાનગરપાલિકા વિસ્તાર<br>રૂ. ૪૦૦૦/- શહેરી વિસ્તાર<br>રૂ. ૩૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર |
| ૫ | ઇન્સ્ટ્રકટરને મહેનતાણું | પ્રતિ માસ રૂ. ૧૨૦૦૦/- |
| ૬ | આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરને મહેતાણું | પ્રતિ માસ રૂ. ૯૦૦૦ / |
| ૭ | કાચો માલ | તાલીમના ટ્રેડ મુજબ કુલ રૂ.૫૦૦૦/- થી રૂ.૧૦૦૦૦/- સુધી |
| ૮ | તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ | રૂ. ૨૫૦૦/- પ્રતિ માસ મહત્તમ (પ્રતિ લાભાર્થીને) |
| ૯ | ટીચીંગ એઇડ કોર્સ મટીરીયલ | રૂ. ૨૫૦ પ્રતિ તાલીમાર્થી મહત્તમ |
| ૧૦ | તાલીમ વર્ગનો સમયગાળો | તાલીમના ટ્રેડ મુજબ ૩૦ દિવસથી ૬૦ દિવસ સુધીના |
| ૧૧ | અન્ય તાલીમ આનુસંગિક પરચુરણ અને આકસ્મિક ખર્ચ | યુનીટ કોસ્ટના ૫ ટકા મુજબ |
| ૧૨ | ચુકવણા પધ્ધતિ | તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ/ મકાનભાડુ/ ઇન્સ્ટ્રકટર/ આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરનું મહેનતાણું વગેરે NEFT/RTGS/DD થી ચુકવણું કરવાનું રહેશે. |

શરતો:

૧. ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર દ્વારા ચલાવવામાં આવતા ટૂંકાગાળાના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમના આયોજન માટે સબંધિત ટ્રેડના તાલીમના સમયગાળા મુજબ ઉપર્યુકત મુજબના ધોરણોની મહત્તમ મર્યાદામાં જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈ અને મંજૂર થયેલ વર્કપ્લાનને અધીન ખર્ચ કરવાનો રહેશે.

૨. તાલીમ કાર્યક્રમના આયોજન માટે ગ્રામ પંચાયત/નગર પાલિકા/મહાનગર પાલિકા /ડી.આર.ડી.એ /ડી.આઈ.સી./સરકારશ્રીના બોર્ડ-નિગમો/ કેન્દ્ર સરકારશ્રીના વિભાગો અને બોર્ડ/ નિગમો/ શૈક્ષણિક સંસ્થાઓ તથા ઉદ્યોગ ગૃહોના કોર્પોરેટ સોશયલ રિસ્પોન્સીબિલીટી અંતર્ગત નોંધાયેલ (CSR)તરફથી મળેલ તાલીમાર્થીઓની યાદી સાથેની દરખાસ્તની ચકાસણી કરી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા તાલીમ કાર્યક્રમનું આયોજન કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની મંજૂરી મેળવીને કરવાનું રહેશે.

૩. તાલીમ માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર દ્વારા એમ્પેનલ કરેલ ઇન્સ્ટ્રકટર-આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટર પેનલમાંથી ફક્ત તાલીમ કાર્યક્રમ પૂરતી સેવા લેવાની રહેશે.

૪. સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીને તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૫. તાલીમ બાદ કારીગરો ઉત્પાદનની કામગીરી શરૂ કરે તે માટે તાલીમાર્થીઓને રાજય સરકારશ્રીના વિવિધ વિભાગોની ટુલકીટ તથા બેંકેબલ યોજના અંગે જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.

૬. બજારની સ્થિતિ, સ્થાનિક કૌશલ્ય તથા સ્વરોજગારના સર્જનની ક્ષમતાને ધ્યાને લઇ સંસ્થાના તાલીમ કાર્યક્રમોનો સમયાંતરે મૂલ્યાંકન કરી કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની મંજૂરી મેળવી નવીન ટ્રેડ ઉમેરી કે જુના ટ્રેડ રદ કરી સ્વરોજગારીની શકયતાવાળા ટ્રેડ નકકી કરી શકાશે.

૭. તાલીમ અંગેના ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાના રહેશે.

૮. તાલીમ માટેના જરૂરી સાધન-ઓજાર અને કાચામાલની ખરીદીના કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સૂચનાઓ તેમજ ખરીદીનીતિ અંગેની સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી (કુટિર ઉદ્યોગ)ની તા.૧૩/૦૧/૨૦૨૧થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એ.પરમાર)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

૧. માન.મંત્રીશ્રી, કુટીર ઉદ્યોગ, સ્વર્ણિમ સંકુલ ૧ સચિવાલય, ગાંધીનગર
૨. માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી, કુટીર ઉદ્યોગ, સ્વર્ણિમ સંકુલ ૨ સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી (કુટિર), ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
૬. નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અંને રૂરલટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર.
૭. કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.)
૮. સિલેક્ટ ફાઇલ

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમો બાબત.

ગુજરાત સરકાર,

ઉધોગ અને ખાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક:જીએમકે /૧૦૨૦૨૦/૮૧૩/ખ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૮/૦૩/૨૦૨૧.

**વંચાણે લીધા:**

(૧) ઉધોગ અને ખાણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૫/૦૧/૨૦૨૧નો ઠરાવ.

(૨) કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગનો તા.૧૯/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક:સંકલન/જ-૧/તા.યોજના/૫૭/૨૦૨૧ અને તા.૦૫/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક:સંકલન/જ-૧/૭૯/૨૦૨૧.

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમોની કાર્યપદ્ધતિ અને ધારા-ધોરણો નક્કી કરવામાં આવે છે. જેમાં કેટલાક સુધારાઓ કરવા/કેટલીક વિગતો ઉમેરવા વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં દર્શાવેલ પત્રોથી કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરીએ અત્રે દરખાસ્ત રજૂ કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરીની સદરહું દરખાસ્ત પરત્વે વિચારણાના અંતે અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં નીચે દર્શાવેલ મુદ્દા ક્રમાંક (૧) થી (૪) માં દર્શાવ્યા મુજબના સુધારાઓ કરવામાં આવે છે.

(૧) અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં દર્શાવેલ કોષ્ટકના ક્રમાંક (૬) અને (૭) માં નીચેની વિગત ઉમેરવામાં /સુધારવામાં આવે છે.

| ક્રમ | વિગત | નિયત ધોરણ |
|---|---|---|
| ૬ | (૧) આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરને મહેનતાણું<br>(૨) ગેસ્ટ લેકચરને માનદ વેતન | (૧) પ્રતિ માસ રૂ.૯૦૦૦/-<br>(૨) મહત્તમ રૂ.૨૦૦૦/- પ્રતિ દિવસની મર્યાદામાં (માસિક બે વખત) |
| ૭ | કાચો માલ | આમુખમાં દર્શાવેલ કોષ્ટકના ક્રમાંક (૬) પરના ટ્રેડ સિવાયના ટ્રેડમાં તાલીમના ટ્રેડ મુજબ પ્રતિ તાલીમ વર્ગ કુલ રૂ.૫૦૦૦/- થી રૂ.૧૦૦૦૦/- સુધી , જ્યારે ક્રમાંક (૬) પરના ટ્રેડ માટે પ્રતિ તાલીમ વર્ગ મહત્તમ રૂ.૨૫૦૦૦/- સુધી. |

(૨) અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં દર્શાવેલ શરતોમાં શરત ક્રમાંક (૨) માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"તાલીમ કાર્યક્રમના આયોજન માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (પંચાયત/પાલિકાઓ) , રાજ્ય/કેન્દ્ર સરાકારશ્રીની કચેરીઓ, બોર્ડ/નિગમો/સંસ્થાઓ તથા ઉદ્યોગ ગૃહોના કોર્પોરેટ સોશયલ રીસ્પોન્સબીલીટી અંતર્ગત નોંધાયેલ (CSR) તરફથી મળેલ તાલીમાર્થીઓની યાદી સાથેની દરખાસ્તની ચકાસણી કરી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા તાલીમ કાર્યક્રમનું આયોજન કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીની મંજૂરી મેળવીને કરવાનું રહેશે તથા આ અંગેની જાણ વહીવટી વિભાગને કરવાની રહેશે."

(૩) અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં દર્શાવેલ શરતોમાં શરત ક્રમાંક (૬) માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"બજારની સ્થિતી, સ્થાનિક કૌશલ્ય તથા સ્વરોજગારના સર્જનની ક્ષમતાને ધ્યાને લઇ સંસ્થાના તાલીમ કાર્યક્રમોનો સમયાંતરે મૂલ્યાંકન કરી કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીની મંજૂરી મેળવી નવીન ટ્રેડ ઉમેરી કે જુના ટ્રેડ રદ કરી સ્વરોજગારીની શકયતાવાળા ટ્રેડ નક્કી કરી શકાશે "

(૪) અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં શરત ક્રમાંક (૯) અને (૧૦) થી નીચે મુજબની શરતો ઉમેરવામાં આવે છે.

<u>શરત ક્રમાંક ૯</u> – લાભાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુકત કૌશલ્ય તાલીમ નામાંકિત સંસ્થાઓ મારફત મળી રહે તે હેતુથી NIFT, NID, Coir Board, KVIC, CGCRI, CLRI, FDDI, CEPT, CED, EDI, Universities, IITs & ITIs, GERMI વિગેરે જેવી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સંસ્થાઓ/સાહસો તથા National skill Development Corporation (NSDC) હેઠળના ટ્રેનીંગ પાર્ટનર્સ તથા L&T Construction Training Institutes , Pidilite Community Initiatives, Tata Chemicals Society for Rural Development જેવા કોર્પોરેટ હાઉસના ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ તેમજ કૌશલ્ય તાલીમ ક્ષેત્રની અન્ય નામાંકિત સંસ્થાઓ પાસેથી સંસ્થાના નિયત ટ્રેડની તાલીમ અંગેની દરખાસ્ત મેળવી તેઓના તાલીમ મોડ્યુલ/સ્ટ્રકચર મુજબ તાલીમ વર્ગનું આયોજન કરી શકાશે.

**શરત ક્રમાંક ૧૦** – સંસ્થા દ્વારા આયોજીત તાલીમ કાર્યક્રમ પુર્ણ થયા બાદ તાલીમ વર્ગ દરમ્યાન ઉત્પાદિત થયેલ નમૂનાઓ (આર્ટીકલ્સ) ને સ્થાનિક કક્ષાએ બહોળો પ્રચાર અને પ્રસાર થઇ શકે તે માટે નિદર્શનીય હેતુથી તાલીમ કાર્યક્રમની આયોજક સંસ્થાને વિનામૂલ્યે આપવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (કુ.ઉ) ની તા.૦૫/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એ.પરમાર)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (કુટિર અને ગ્રામોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (કુટિર અને ગ્રામોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (કુ.ઉ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી , ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારૂ)
- સિલેકટ ફાઇલ .